## હરિની દ્રષ્ટિ...



બેડ ન્યુઝ છે...!! 'દાઉદની બેનામી સંપત્તિ જપ્ત' એટલે પછી ગરીબને પકડવામાં કોઈને રસ નહીં પડે...!!!

# દહેગામ-રખિયાલ માર્ગ પર દારૂ ભરેલ ટેમ્પો ઝડપાયો

## એકની ધરપકડ : પોલીસે ૪,૩૮,૪૯૭નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૮

રખિયાલ-દહેગામ માર્ગ પર ગત રોજ એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે મીની ટેમ્પોમાં છુપાયેલ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. દરમિયાન રૂ. ૪,૩૮,૪૯૭નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને એક આરોપીની ધરપકડ કરી તેને જેલ હવાલે કર્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં બહારના રાજ્યમાંથી લાવવામાં આવતા ગેરકાયદેસર વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાથી એસ.ઓ.જી. પી.આઈ. બી.બી. ચૌહાણે કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન એસ.ઓ.જી. પી.એસ.આઈ. એન. જે. જાડેજા અને ટીમના માણસો રખિયાલ દહેગામ માર્ગ પર પેટ્રોલીંગમાં હતા. આ દરમ્યાન પરમેશ્વર કોલ્ડ સ્ટોરેજ પાસે રાત્રીના સમયે પસાર થતી મીની ટ્રક નં. જીજે-૯-એવી-૬૪૨૪ પર શંકા જતા તેને અટકાવી તપાસ કરતા વાહનની પાછળની બોડીના ફ્લોરીંગના નીચેના ભાગે ફીટ કરવામાં આવેલ પતરાની બોડીને હટાવી જોતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરની ૪૨ પેટી મળી આવી હતી. પોલીસે રૂ. ૧,૩૫,૦૦૦નો દારૂ બિયરનો જથ્થો, રૂ. ૩,૦૦,૦૦૦નો ટેમ્પો તેમજ મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ. ૪,૩૮,૪૯૭નો મુદ્દામાલ કબજે કર્યો અને રાજસ્થાનના કરછાકલા ગામના આરોપી પવન રૂપલાલ મીણાની ધરપકડ કરી તેના વિરૂદ્ધ દહેગામ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## ખૂણે ખાંચરેથી...

● સ્વચ્છતા અભિયાન અંતર્ગત આજે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે સિવિલ હોસ્પિટલનો રાઉન્ડ લીધો હતો.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાળકો માટે બનાવાયેલ આઈસીસીયુ વોર્ડના ડબલ્યુએચઓની ટીમે આજે મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર-અમદાવાદ ભાજપના વિવિધ સેલના કન્વીનરોની આજે પ્રભારી દિનેશ શર્માએ ખાસ બેઠક યોજી હતી.

● ગાંધીનગર જિલ્લામાં બે મામલતદારોએ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળ્યો છે. દહેગામમાં શ્રી મેણાત અને માણસા કૃષિ પંચના મામલતદાર હાજર થઈ ગયા છે.

● ગાંધીનગર શહેરમાં સ્વચ્છતાની કથળેલી સેવાઓ ફરી ચર્ચાના ચગડોળે ચડી છે.

● ગાંધીનગર તાલુકાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન આગામી ૨૪મી સપ્ટેમ્બરના રોજ કોબા ખાતે યોજવામાં આવશે.

● ગાંધીનગરની વિવિધ કચેરીઓમાં કારકુન સંવર્ગના ઉમેદવારોની ફાળવણી થતાં પ્રમાણપત્રોની ચકાસણીની કામગીરીમાં કર્મચારીઓ વ્યસ્ત બન્યા છે. ૨૪થી વધુ પ્રમાણપત્રો ઉમેદવારોએ રજુ કરવાના છે.

# ગાંધીનગર જિલ્લા પંચાયત - તાલુકા પંચાયતોના મતદાર મંડળો અંગે આખરી આદેશ પ્રસિદ્ધ કરાયા

ગાંધીનગર, તા.૮

રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા અમદાવાદ જિલ્લાની જિલ્લા પંચાયત તથા સાણંદ, દેત્રોજ-રામપુરા, દસક્રોઈ, ધંધુકા, ધોળકા, વિરમગામ, બાવળા, માંડલ અને ધોલેરા તાલુકા પંચાયતો તેમજ ગાંધીનગર જિલ્લાની જિલ્લા પંચાયત તથા કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના તથા બેઠક ફાળવણી અંગેના આખરી આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. જેમાં તમામ પાસાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને જિલ્લા - તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોની ફાળવણી માટે રાજય ચૂંટણી આયોગ દ્વારા જરૂરી સુધારા વધારા માન્ય રાખી અને આખરી આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તેમ રાજય ચૂંટણી પંચની યાદીમાં જણાવાયું છે.

આ આખરી આદેશ સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી તથા જાહેર સ્થળોએ બહોળી પ્રસિદ્ધિ અર્થે મુકાશે, તેમ પણ રાજય ચૂંટણી પંચની યાદીમાં વધુમાં જણાવાયું છે.

# ઘ-માર્ગ પર કાર-એક્ટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા. ૮

શહેરના ઘ-માર્ગ પર ૬-૭ બસસ્ટોપ પાસે સમી સાંજે માર્ગ પર પસાર થતી કારની પાછળ એક ટુ વ્હીલર ઘુસી જતા અકસ્માત સર્જાયો



હતો. જેમાં ટુ વ્હીલરના ફૂરચા ઉડી ગયા હતા.

શહેરના ઘ-માર્ગ પર આંતરે દિવસે નાના-મોટા વાહન અકસ્માતો વધવા માંડ્યા છે. ત્યારે આજે સમી સાંજે વધુ એક અકસ્માત સર્જાયો હતો. ઘ-માર્ગ પર ૬/૭ બસ સ્ટોપ પાસે ઈન્ડીકા કાર નં. જીજે-૧-એચએલ-૨૨૩૩ પસાર થઈ રહી હતી ત્યારે પાછળથી આવતા એક્ટીવા નં. જીજે-૯-સીએલ-૩૪૮૭ના ચાલકે અચાનક જ કાર પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક્ટીવાના આગળથી ફૂરચા ઉડી ગયા હતા. અકસ્માતને લીધે કારચાલક અને એક્ટીવા ચાલક વચ્ચે તુ તુ મે મે થવા પામી હતી. આથી થોડા સમય માટે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.



## માત્ર ઉદઘાટન માટે ખૂલ્યાં પછી સદંતર બંધ એટીએમ

આધુનિક સમયમાં બેંકિંગ સેવાઓનો વ્યાપ ધીરે ધીરે વધતો જાય છે. મોબાઈલ બેંકિંગ અને ઈ-બેંકિંગ દ્વારા એક તરફ બેંક ગ્રાહકના આંગળીના ટેરવે આવી ગઈ છે. ટેકનોલોજીના સહારે બેકિંગ સેવાએ હરણફાળ જરૂર ભરી છે. પરંતુ હજુ પણ ગ્રામીણ વિસ્તારમાં આ બાબતે મીંડુ જ છે. દેશના વડાપ્રધાને જન ધન યોજના દ્વારા ગામેગામ દરેક નાગરિકને બેંક ખાતા ખોલાવવા આહ્વાન કર્યું છે પરંતુ બેંક સત્તાવાળાઓને જાણે ગ્રામીણ વિસ્તારમાં સેવાઓ આપવામાં રસ જ ન હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. વાવોલ ગામમાં છેલ્લા છએક માસથી તૈયાર કરાયેલ એટીએમ તેના ઉદઘાટન પછી માત્ર ચાર જ દિવસ ચાલુ રહ્યું હતું. ત્યારબાદ અગમ્ય કારણોસર બંધ થઈ જવા પામ્યું છે. એટીએમની સ્થાપનાનું કાર્ય ઝોનલ કક્ષોથી થતું હોઈ ગાંધીનગરની શાખામાં તપાસ કરીએ તો 'અમને કાંઈ ખબર નથી' તેવો જવાબ મળે છે. ઘણા વરિષ્ઠ ગ્રાહકો દર બે ત્રણ દિવસે એટીએમ ચાલુ થયું કે નહિ તે જોવા ધક્કા ખાય છે પરંતુ બેંક અધિકારીઓને એ થોડું દેખાય? (તસવીર : સમીર રામી)

# સેક્ટર-૨૪ શાકમાર્કેટ તરફ જવાના માર્ગ પર અકસ્માતોનો સિલસિલો

ગાંધીનગર, તા. ૮

સે. ૨૪ આદર્શનગર સામે સ્થિત શાકમાર્કેટ જવાના માર્ગ પર રોજબરોજ નાના મોટા અકસ્માતો સર્જાય છે. ટ્રાફિથી ભરચક રહેતા વિસ્તારમાં અકસ્માતો અટકાવવા યોગ્ય ઠેકાણે બમ્પ બનાવવા સહિતના યોગ્ય પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

સે. ૨૪માં શાકમાર્કેટ તરફ જવાનો માર્ગ અકસ્માત ઝોનમાં ફેરવાયો છે. આ વિસ્તારમાં એક બાજુ સી.એન.જી. પંપીંગ સ્ટેશન, પોલીસસ્ટેશન, શાકમાર્કેટ અને રંગમંચ પણ આવેલા છે. જેથી સવારે અને સાંજના સમયે આ વિસ્તારમાં નાગરિકોની વિશેષ અવરજવર રહે છે. પરંતુ ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ વાહન ચાલકો અકસ્માત નોતરતા માર્ગ સલામતી જોખમમાં મુકાઈ છે. આ મામલે જિલ્લા દલિત સેનાના પ્રમુખ બી.એચ. મેસરવાલાએ આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા સ્પીડ બ્રેકર મુકવા સહિતના જરૂરી પગલા લેવા રજૂઆત કરી છે.

# પાલૈયા ગામે આયુર્વેદિક કેમ્પ યોજાયો

દહેગામ તાલુકાના પાલૈયા ગામ ખાતે સ્થિત નિલકંઠ મહાદેવ મંદિરમાં આયુર્વેદના નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનો લાભ ૨૧૮ થી વધુ દર્દીઓએ લીધો હતો. ગાંધીનગર દ્વારા આયુર્વેદના પ્રચાર પ્રસાર અર્થે વિના મૂલ્યે નિદાન સારવાર કેમ્પમાં જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય ગુણવંતસિંહજી, પાલૈયાના સરપંચ, અડાલજના સરપંચ અને મોટી સંખ્યામાં ગામના અગ્રણીઓએ હાજરી આપી હતી. આ કેમ્પમાં સરકારી આયુર્વેદ દવાખાનાઓમાં ફરજ બજાવતા ડૉ. વિણા મોલિયા, ડૉ. મીરા રાજગુરૂ, ડૉ.એ.વાય. મુસાની, ડૉ. ભાવેશ પટેલ અને ડૉ. સંજય દેસાઈએ ફરજ બજાવી સેવા કાર્ય કર્યું હતું. સમગ્ર કેમ્પના કો-ઓર્ડીનેટર તરીકે ડૉ. અમિત પટેલે કરી હતી.

# સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સ્વીમિંગ તથા વૉટરપોલો સ્પર્ધામાં રનર્સઅપ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર સેક્ટર-૮ ખાતે આવેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના યજમાન પદે તાજેતરમાં ગુજરાત યુનિ. દક્ષિણ વિભાગ સ્વીમીંગ તેમજ વૉટરપોલો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સ્પર્ધામાં જોડાયા હતા.

ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગની સ્વિમિંગ તથા વૉટરપોલો સ્પર્ધામાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. સમર્પણ આર્ટસ કોલેજના ટ્રસ્ટી તેમજ કેમ્પસ ડાયરેક્ટર ડૉ. કિશોરસિંહ સોલંકી તથા કોલેજના આચાર્ય ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટના હસ્તે સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર વિદ્યાર્થીઓને ડૉ. કિશોરસિંહ સોલંકીએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે, રમતને જીવનમાં ઉતારી જીવનમાં આવતા અવરોધો કેવી રીતે દૂર કરવા, તેમજ વિજય કેવી રીતે બનવુ, જીવન સરળ નિરોગી કેવી રીતે રહી શકે તેમજ ખેલાડીઓને રમતમાં સફળતા મેળવી સમગ્ર ગુજરાતનું નામ રોશન કરવા ગૌરવ વધારવાની થીમ આપી હતી. સ્વિમિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દેવગઢબારીયા, દ્વિતિય ક્રમે સમર્પણ કોલેજ સેક્ટર-૮, ગાંધીનગર, તૃતિયક્રમે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધોળકા કોલેજ આવી હતી. તેવી જ રીતે વૉટરપોલો સ્પર્ધામાં પ્રથમ ક્રમે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધોળકા, દ્વિતિય ક્રમે સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સે. ૮, ગાંધીનગર, જ્યારે તૃતિય ક્રમે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ગોધરા વિજેતા બની હતી. કાર્યક્રમનું સંચાલન સમર્પણ કોલેજના ડી.પી.ઈ. પ્રા. મહેન્દ્ર મોડિયાએ કર્યું હતું. સે. ૧૫ કોલેજના ડી.પી.ઈ. એ.જી. પટેલે સહયોગ આપ્યો હતો.



પવિત્ર શ્રાવણ મહિનામાં વૈજનાથ મહાદેવ સેક્ટર-૨૧ ખાતે મંગળવારે લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

# દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા સાક્ષરતા દિને ઈ-લીટરેસી વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૮

આજે દેશભરમાં વિશ્વ સાક્ષરતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ઈ-પેમેન્ટ લીટરેસી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. એનપીસીઆઈ પ્રતિનિધિઓ દ્વારા પિન ફેરફાર, ફંડ ટ્રાન્સફર જેવી સુવિધાઓની તેમજ સાવચેતીના પગલાંની માહિતી પુરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત મોબાઈલ નંબર રજીસ્ટ્રેશન, બેંક ખાતાને આધાર લીન્કેજ બનાવવા જેવી બાબતો માટેની પ્રક્રીયા, સાવચેતી રૂપે કાર્ડ દ્વારા પેમેન્ટ, ઈ-કોમર્સ





અને એટીએમ ચેનલ જેવી એનપીસીઆઈની સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. ગાંધીનગર-હિંમતનગર ખાતે પણ આ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. સંચાલન જ્યોતિષ પટેલે કર્યું હતું.

દેશના ૫૬ ક્ષેત્રોમાં ગ્રામીણ બેંકો દ્વારા ૧૧૪ સ્થળોએ આ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરના સે. ૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

ઈ-પેમેન્ટ લીટરેસી વર્કશોપમાં એનપીસીઆઈના ડાયરેક્ટર ડીના મહેતા, રિઝર્વબેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર એન.કે. ગાયોન, દેના બેંકના ડેપ્યુટી જનરલ મેનેજર આર.એ. ગુપ્તા, દેના ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન જી.કે. પાનેરી, દેના ગુજરાત ગ્રામીણ બેંકના ડીરેક્ટર સૂર્યસિંહ ડાભી, નાબાર્ડના આસીસ્ટન્ટ જનરલ સુજાથા અનીલ તથા દેના ગુજરાત ગ્રામીણ બેંકના જનરલ મેનેજર આર.એસ. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં ગ્રાહકોને એટીએમના નિયમો, રોકડ ઉપાડ, બેલેન્સ ઈન્કવાયરી, મિની સ્ટેટમેન્ટ,

# શહેરમાં રોજના ૧૫ હજારના ફુલ વેચાય છે

ગાંધીનગર તા.૮

ગાંધીનગર શહેરમાં રોજના ૧૫ હજાર રુપિયાના ફુલનું વેચાણ થાય છે.વર્ષો અગાઉં આ વેપાર નગરમાં ધમધમતો હતો. પરંતુ સમય જતાં ફુલોના વેચાણમાં નોંધપાત્ર ઘટોડો જોવા મળે છે. ફુલોના ક્રેઝમાં ઘટાડો થતાં નગરમાં અત્યારે હાલના સંજોગોમાં ગલગોટા અને ગુલાબ વેચાય છે.

ગાંધીનગર શહેરને ફુલોની નગરી કહેવામાં આવે છે. નગરમાં નાનામોટા અંદાજીત ૬૨ ઉધાનો આવેલા છે. ગાંધીનગર અને ગ્રીનસીટી હોવાથી નગરજનોને પહેલાથી જ ગ્રીનરી પસંદ છે. શહેરમાં જયાં નજર કરો ત્યાં તમને વિવિધ પ્રકારના ફુલો જોવા મળે છે. પરંતુ નગરમાં વસવાટ કરતાં લોકોનો ફુલનો શોખ ઓછો થઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં વર્ષો અગાઉ ફુલના વેપારમાં બોલબાલા હતી. પરંતુ અત્યારે હાલ નગરમાં માત્ર રોજના પંદર હજારના વિવિધ ફુલ વેચાય છે. પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. નગરના શિવ ભકતો શિવ ભકિતમાં લીન છે. મંદિરાને ફુલોથી શણગારવામાં આવી રહ્યા છે. શ્રાવણ માસથી તહેવારાની પરંપરા દિવાળી સુધી ચાલુ રહે છે.



નગરજનો મંદિરે જઈ પુજા અર્ચના કરી ફુલની રંગોળી કરે છે. પરંતુ નગરના ફુલ બજારમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ગુલાબ, ગલગોટા, લીલી, ડમરો, ઈગ્લીશ ગુલાબ, જરબેરા, એન્કોરીયમ, ગેલેડીઅલ,ગ્ોલ્ડન,લેમન ગોટા,કામીની સહિતના ફુલો માર્કેટમાં હાજર સ્ટોકમાં મળે છે. પરંતુ નગરના બજારમાં ગુલાબ અને ગલગોટાનું જ વેચાણ છે. વિવિધ ફુલો દ્વારા બનતા બુકે આકર્ષણ જમાવે છે. નગરમાં આવેલી સરકારી ઓફીસોમાં થતાં કાર્યક્રમ તેમજ મહાનુભાવના બર્થ ડે માટે નગરજનો બુકે સૌથી વધુ પસંદ કરે છે. હવે સન્માન સમારોહમાંથી ફુલોના હાર ગાયબ થઈ ગયા હોવાથી ફુલોના વેપારને માઠી અસર પહોંચી છે.નગરના ઘ-૨, ૩, ૫, તેમજ સેકટર-૨૧, ૭ અને ૨૪ માં ફુલ વેચતાં વેપારીઓ નજરે પડે છે. વેપારીઓનું કહેવું છેકે શહેરમાં દશ વર્ષ પહેલા જેવો ધંધો હતો તેવો અત્યારના સમયે નથી.ઈમ્પોટેડ ફુલો મોંઘા આવે છે.અને વેચાણ ના થાય તો મોટી નુકસાની વેઠવાનો વારો આવે છે. જયારે લોકો પુજા માટે થોડક જરુર મુજબ ફુલ લઈ જાય છે.

# શહેરની હોટલમાં રોકાણ કરનારા મુસાફરોએ ફોટો ઓળખકાર્ડ રજુ કરવા પડશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની હોટલો અને ગેસ્ટ હાઉસમાં રોકાણ કરનાર મુસાફરોએ ફરજિયાત ફોટો ઓળખકાર્ડ સહિતની વિગતો આપવી પડશે. ગાંધીનગરના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટે બહાર પાડેલા આ અંગેના જાહેરનામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લાની હોટલ/ ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવામાં આવે. દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચિત/ સગા / ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન / મોબઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાતપણે કરાવવી તેમજ હકકીત નોંધાવવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે છે.

મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયન્સન્સ, કચેરીનું ઓળખકાર્ડ વિગેરે) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી હોટલના દફતરમાં રાખવી. ગાંધીનગરમાં સમાવિષ્ટ ગાંધીનગર અને દહેગામ તાલુકાના મહેસુલી વિસ્તારોની હોટલ / ગેસ્ટ હાઉસોના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યકિતને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે. ગેસ્ટ હાઉસમાં રોકાનાર યાંત્રિક જે વાહન લઈને આવેલ હોય તે વાહન તથા તેના રજીસ્ટ્રેશન નંબરની નોઘ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં કરવી.

આ હુકમ તા. ૨૮/૦૮/ ૨૦૧૫ થી તા.૨૬/૧૦/૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત દિવસ ૬૦ માટે અમલમાં રહેશે.આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# માનવ ધર્મ એ છે જે અન્યના દુઃખોની અનુભૂતિ કરાવે છે : રાજયપાલશ્રી

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કૉહલીએ જણાવ્યું હતું કે માનવ ધર્મ એ સમાજમાં એકતા અને પરસ્પર સદ્‌ભાવનાનો સંદેશ આપનાર છે. માનવ ધર્મ એ છે જે બીજાના દુઃખની સ્વયમ્‌ને અનુભૂતિ કરાવે છે.

માનવ એકતા મિશના સંસ્થાપક આધ્યાત્મિક ગુરુ શ્રી એમ. ના નેતૃત્વમાં કન્યાકુમારીથી શરુ કરેલ 'આશા પદ-યાત્રા વૉક ઑફ - હોપ' ના ગુજરાતમાં આગમન દરમિયાન રાજભવન ખાતે યોજાયેલ સત્સંગ સભામાં રાજયપાલશ્રી સંબોધન કરી રહ્યા હતા.

શ્રી એમ. રાષ્ટ્રમાં પ્રેમ-શાંતિ, સદ્‌ભાવના અને સામાજિક સંવાદિતાને દૃઢ બનાવવા માટે જે પદયાત્રાના માધ્યમથી જનજાગૃતિનું ઉદાત્ત ભાવના સાથે કાર્ય કરી રહ્યા છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. તેમણે આ પદયાત્રાની સફળતા માટે શ્રી એમ. તેમના સહયોગીઓને શુભકામનાઓ આપી હતી. આશા વ્યક્ત કરી હતી કે પદયાત્રાથી સામાજિક શ્રેયના કાર્યોમાં જનસમાજની હિસ્સેદારી વધશે. સમાજ-રાષ્ટ્ર પ્રત્યે તેમના ઉત્તરદાયિત્વ વિશે જાગૃતિનો સંચાર થશે. શ્રી એમ. એ જણાવ્યું હતું કે રાષ્ટ્રના કલ્યાણ, સામાજિક એકતા, પરસ્પર ભાઈચારા -સદ્‌ભાવનાનું લોકોમાં સિંચન થાય તેવી ઉદાત્ત ભાવના સાથે કન્યાકુમારીથી કાશ્મીર સુધીની આ પદયાત્રા શરુ કરવામાં આવી છે. યાત્રા વિવિધ સમુદાયોનાં લોકોને પરસ્પર જોડવા અને રાષ્ટ્રીય ચેતના પ્રજજવલિત કરવાના ઉદ્દેશને ભાગરુપે યોજવામાં આવી છે.

